મહત્તમ : ૩૬.૮ ડીગ્રી
લઘુતમ : ૨૮.૪ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૫૧ ટકા

ગાંધીનગર તાપમાન

સેકટર-૧૬માં પાટનગર યોજના ભવનની સામે મુકાયેલું સ્માર્ટ વોટર એટીએમ એક સપ્તાહથી બંધ હાલતમાં છે. સ્માર્ટસીટીના નામે ઠેર ઠેર વોટર એટીએમ જેવા સાધનો મુકાયા છે પરંતુ મેઈન્ટેનન્સના નામે મીંડુ છે.

સરગાસણ વિસ્તારમાં વીજ ધાંધીયાથી વસાહતીઓ હેરાન

ગાંધીનગર,તા. ૮

ગાંધીનગર શહેરના ન્યું ગાંધીનગર ગણાતા સરગાસણ વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી વિજ ધાંધીયાની ફરીયાદો ઉઠવા પામી છે. વરસાદ કે વાવાઝોડા વિના દિવસમાં બે કે ત્રણ વાર લાઈટ ડુલ થવાના કિસ્સા બને છે. લાઈટ જતા નાગરીકોની હાલત કફોડી બની જાય છે. ત્યારે લાઈટ જવાના રોજના સિલસિલાને પગલે નાગરીકો હવે યુજીવીસીએલના તંત્ર સામે મોરચો માંડે તો નવાઈ નહી.

ગાંધીનગરમાં નાગરીકો બફારા અને ઉકળાટથી કંટાળી ગયા છે. સવારથી સાંજ સુધી નાગરીકો પસીને થી રેબઝેબ થઈ જાય છે. ત્યારે ગરમીને પગલે નાગરીકો એસી, એરકુલર, પંખા ઓન કરી ઘરમાં બેસી રહે છે. ત્યારે ન્યું ગાંધીનગરના સરગાસણ વિસ્તારમાં દિવસમાં બે કે વધુ વખત લાઈટ જવાના કિસ્સા બને છે. લાખો રૂપીયાના ફેલટ ખરીદીને રહેતા નાગરીકો પણ લાઈટ જવાને પગલે કંટાળી ગયા છે. વરસાદ કે વાવાઝોડાને પગલે વિજપોલને નુકશાન થતા લાઈટ જાય તો સમજી શકાય છે પરંતુ વરસાદ કે વાવાઝોડા વિના લાઈટો ડુલ થતા નાગરીકો હેરાન થઈ જાય છે. નાના બાળકો અને વડીલોની હાલત કફોડી બની જાય છે. રાત્રીના સમયે ઉંઘમાંથી પણ લાઈટ જતા બાળકો ઉઠી જાય છે. ત્યારે જીઈબીના તંત્ર સામે અનેકવાર નાગરીકોએ લેખિત તેમજ મૌખિક ફરીયાદો કરી છે. છતા આજદિન સુધી સરગાસણ વિસ્તારમાં લાઈટ જવાનો નિવેડો આવ્યો નથી. જયારે સરગાસણ આસપાસના કેટલાક વિસ્તારમાં મોંઘાદાટ ફેલટ અને વીવીઆઈપીના ઘરોમાં લાઈટ ઝળહળતી જોવા મળે છે. જયારે સરગાસણના ગ્રામજનો વારંવાર લાઈટ ડુલ થવાના કિસ્સાને પગલે હવે તંત્ર સામે મોરચો માંડે તો નવાઈ નહી. ત્યારે લાઈટ ડુલ થવાના કિસ્સામાં ઘટાડો થાય તેમજ તંત્ર દ્વારા ઝડપી અંડરગ્રાઉન્ડ વાયરીંગ થાય તેવી નાગરીકોની લાગણી અને માંગણી છે.

જીવનની ગતિને ધર્મ દિશા આપે છે : પૂ. ઉદયવલ્લભસુરિ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરના આંગણે જૈન આચાર્ય પૂ. ઉદયવલ્લભસુરી મ.સા. ચાતુર્માસે પધાર્યા છે અને તેમની પ્રવચન શ્રેણીનો પ્રારંભ કર્યો છે. પૂ.મહારાજ સાહેબે તેમના પ્રથમ પ્રવચનમાં જણાવ્યું હતું કે 'જીવનમાં ગતિ છે, ધર્મ તેને દિશા આપે છે, દિશા શૂન્યજીવન માટે ધર્મ એક દીવાદાંડી સારે છે.'

પૂ. ઉદયવલ્લભસુરિજીએ કહ્યું હતું કે 'કેટલીક સમયપ્રેમી વ્યકિતઓ પોતાનું બધું કામ સમયસર પતાવીને સમય વધે તો બારી પાસે બેસે છે, કેટલાક પ્રકૃતિ પ્રેમીઓ ખાસ સમય ફાળવીને બારી પાસે બેસે છે. ધર્મ એ એવી બારી છે જે પ્રકૃતિના અગોચર તત્વોને બતાવે છે. સમય ફાળવીને ધર્મરુપી બારી પાસે બેસવું જોઈએ. ધર્મનું શ્રવણ એ જીવનમાં ધર્મ માટેનું પ્રવેશદ્વાર છે, માનવંતા મહેમાનની જેમ ધર્મનું 'શ્રવણ' દ્વારેથી પ્રવેશ કરાવીએ.' અત્રે ઉલ્લેખનીય છે કે પૂ. ઉદયવલ્લભસુરિ મ.સા. સમગ્ર ચાતુર્માસ દરમિયાન દરરોજ સવારે ૭.૪૫ થી ૮.૪૫ દરમિયાન સે-૨૨માં જૈન દેરાસર ખાતે પ્રવચન કરશે જેનો લાભ લેવા શહેરના તમામ ધર્મજીજ્ઞાસુઓને ગાંધીનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

હેલ્લો ગાંધીનગર ગૃપની પ્રકૃતિ ઉદ્યાન ખાતે ફોટોગ્રાફી વૉક

ગાંધીનગર, તા.૮

શહેરના 'હેલ્લો ગાંધીનગર' ગૃપ દ્વારા ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે 'ફોટોગ્રાફી વૉક'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પાટનગરના ૨૦થી વધુ ફોટોગ્રાફીના શોખીનોએ ભાગ લીધો હતો. ફોટોગ્રાફી વૉક દરમિયાન આ તસવીરકારોએ પ્રકૃતિ તથા ઉદ્યાનમાં વિહરતા પંખીની નયનરમ્ય તસવીરો કેમેરામાં કંડારી હતી.

ગાંધીનગરમાં ફોટોગ્રાફીનો શોખ ધરાવતા ફોટોગ્રાફર્સનું એક ગૃપ કાર્યરત છે જેમાં આશરે ૪૫થી વધુ ફોટોગ્રાફર્સ સામેલ છે. આ તસવીરકારો શહેરની સુંદરતાને ફોટોગ્રાફીના માધ્યમથી સોશ્યલ મિડીયા પર મુકી શહેરમાં પ્રવાસન પ્રવૃત્તિને વેગ મળે તેવા પ્રયાસો કરે છે. આમ પણ ગાંધીનગરનું પ્રાકૃતિક સૌંદર્ય સ્થાનિક તથા અમદાવાદ-વડોદરા સહિતના અનેક શહેરોના ફોટોગ્રાફર્સને આકર્ષે છે. આ ગૃપમાં ફોટોગ્રાફર્સ એકબીજા સાથે પોતાની આવડત, ખાસિયતો તથા કૌશલ્યની આપ લે કરી એકબીજાને મદદરૂપ પણ બને છે. ફોટોગ્રાફી વૉક દરમિયાન પણ ગૃપના જ અનુભવી ફોટોગ્રાફર્સે અન્ય સભ્યોનું માર્ગદર્શન કર્યું હતું. ફોટોગ્રાફી વૉકમાં લેવામાં આવેલ તસવીરોને સોશ્યલ મિડીયા પર 'હેલ્લો ગાંધીનગર' નામના પેજ પર અપલોડ કરવામાં આવી છે.

સરિતા ઉદ્યાનને નવા રંગરૂપ આપવામાં આવ્યા છે પરંતુ સાધનો હલકી ગુણવત્તાના હોવાનું જણાઈ આવે છે.અહીં મુકાયેલા ડસ્ટબીન તુટી જતાં આસપાસ કચરો ફેલાય છે.

આરઆરસેલની ટીમે નાસતા ફરતા આરોપીને પકડી પાડયો

ગાંધીનગર આર.આર. સેલની ટીમે ત્રણ જિલ્લામાં પ્રોહિબિશનના ગુનામાં નાસતા ફરતા આરોપીને ડીસા થી પકડી પાડ્યો છે. રેન્જ આઈ.જી.મયંકસિંહ ચાવડાના સીધા માર્ગદર્શન હેઠળ કામગીરી કરતી આર.આર.સેલની ટીમને બાતમી મળી હતી. જેને પગલે આર.આર.સેલની ટીમે પાતાભાઈ ઉર્ફે પ્રતાપભાઈ ગણેશભાઈ આલ (રબારી) (રહે.૩૦૧ ગંગાવિહાર સોસાયટી, રાણપુર રોડ ડીસા) ને તેના જ વિસ્તારમાંથી દબોચી લીધો હતો. આરોપી કલોલમાં ૬ માસ પહેલા પકડાયેલા ૨૦ લાખથી વધુના દારૂના કેસમાં ભાગતો ફરતો હતો. આ ઉપરાંત કણભા પોલીસ મથકમાં ૬ માસ, નંદાસણ પોલીસ સ્ટેશનના કેસમાં છ વર્ષથી નાસતો ફરતો હતો. આર.આર.સેલે આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સિવિલમાં લીફટમાં પાણી ભરાઈ જવાની સમસ્યાનો ઉકેલ કયારે આવશે?

પાટનગરની ૬૦૦ બેડની ઈમારતમાં રોજ નવી સમસ્યા સર્જાય છે ત્યારે બિલ્ડીંગની નીચે આવેલ ચારેય લીફટમાં પાણી ભરાઈ જવાની સમસ્યા ઘણા વખતથી છે. પરંતુ કયા કારણોસર પાણી ભરાયછે તે પી.આઈ.યુ. વિભાગના અધિકારીઓ પણ નથી જાણી શકયા. અગાઉ પણ પીઆઈયુના એકસપર્ટની ટીમ આવીને કામ કરી ગઈ છે. પરંતુ સ્થિતિ ઠેરની ઠેર છે ત્યારે તમામ લીફટ પાણી ભરાઈ જતા બંધ રહેતા હાલ દર્દીઓ અને મુલાકાતીઓની હાલત કફોડી બની જવા પામી છે જયારે કર્મચારીઓ રોજ સવાર પડેને મોટર-પાઈપ લઈ પાણી કાઢવા માટે ગોઠવાઈ જાય છે.

સેકટર-૧૨ ઉમિયા માતાજી મંદિર સામે પાર્કિંગમાંથી એકટીવાની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરના સેકટર-૧૨ ઉમીયા માતાના મંદિર પાસે પાર્કીંગમાંથી એકટીવાની ઉઠાંતરીની ફરીયાદ ઉઠવા પામી છે. શહેરમાં વાહનચોરી દિવસે ને દિવસે વધી રહી છે. પાટનગરમાં બેફામ બનેલા વાહનચોર ગેમ તે સ્થળેથી વાહનચોરીને અંજામ આપી રહ્યા છે. ત્યારે પોલીસ તંત્રના કર્મચારીઓ પણ ચોરને પકડવા માટે રાત દિવસ ઉજાગરા કરી રહ્યા છે. ત્યારે ચોર કયારે પકડાય છે તે જોવું રહ્યું.

ગાંધીનગર શહેરમાં છેલ્લા એક વર્ષથી વાહનચોરો બેફામ બન્યા હોય તેમ લાગી રહ્યું છે. શહેરના રહેણાંક અને વાણીજય વિસ્તારમાંથી પાર્ક કરેલા વાહનો ગમે તે સમયે બિન્દાસ પણ વાહનચોરો ઉઠાવી પલાયન થઈ જાય છે. શહેરમાં આંતરે દિવસે વાહનચોરીના બનવો બને છે. ત્યારે સેકટર-૧ ઉમીયા માતાના મંદિર પાસે પાર્ક કરેલ એકટીવાની ઉઠાંતરી થવા પામી છે. ફરીયાદી ભુમિ દિનેશભાઈ પટેલ (મુળ-સતલાસણા, મહેસાણા) સેકટર-૨ ખાતે ભાડે રહે છે અને સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારીઓ કરે છે. ગત તા.૪ એપ્રિલના રોજ બપોરના પોણા એક વાગ્યે તે પોતાનું એકટીવા નં. જી.જે.૦૨.બી.એન.-૪૩૦૮ નંબરનું એકટીવા લઈને સેકટર-૧૨ ઉમીયા માતાના મંદિર ખાતે લાયબ્રેરીમાં વાંચન માટે આવી હતી. તેણે પોતાનું એકટીવા મંદિરના સામે સિવિલની દિવાલની બાજુમાં પાર્ક કર્યું હતું. બપોરે એક વાગે ગયેલી ભુમિ રાત્રે આઠ વાગે બહાર નીકળીને જોયું તો પોતાનું એકટીવા સ્થળ પર હાજર ન હતું. બે દિવસ રાહ જોયા બાદ આખરે તેણે રૂ. ૧૫ હજારની કિંમતના એકટીવાની ચોરી અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ આપતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઘ-૫ ફુડકોર્ટમાં ઉભરાતી ગટરથી વેપારીઓ-ગ્રાહકો ત્રસ્ત

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરના ઘ-૫ સર્કલ પાસેની ફુડકોર્ટમાં ગટર ઉભરાવાને કારણે ચોતરફ ગંદા પાણીને કારણે ફુડકોર્ટમાં જમવા કે નાસ્તો કરવા આવતા ગ્રાહકોના આરોગ્યને અસર પડી શકે છે. વળી, આ ગટરનું પાણી ફુડકોર્ટના ફરતે એવી રીતે ફરી વળ્યું છે કે ફુડકોર્ટના વેપારીઓ-કારીગરોને નજીકમાં આવેલા જાહેર શૌચાલય તરફ લઘુશંકા માટે જવું હોય તો પણ તકલીફ પડી રહી છે.

ફુડકોર્ટ વેપારી એસોસિએશનના પ્રમુખ મનોજકુમારના જણાવ્યા મુજબ છેલ્લા કેટલાક દિવસથી આ સમસ્યા સર્જાવા પામી છે. જેને કારણે ફુડકોર્ટના વેપાર-ધંધા પર અસર પડી રહી છે. ગટરનું ગંદુ પાણી ચોતરફ વહેવાને કારણે દુર્ગંધ સાથે રોગજન્ય જીવાણુઓનો ખતરો પેદા કરી રહ્યું છે જેથી સત્વરે આ ચોકઅપ ગટરની સફાઈનું કાર્ય હાથ ધરાય તે જરુરી બન્યું છે.

ગાંધીનગર એલસીબીની ટીમ દેશી દારૂના અડ્ડાઓ પર ત્રાટકી

ગાંધીનગર,. તા.૮

ગાંધીનગર એલસીબીની ટીમે શહેરને અડીને આવેલા પેથાપુર, નવા પાલજ અને શેરથામાં દેશીદારૂના અડ્ડા પર રેઈડ પાડી હતી.જેમાં શેરથા ગામના નાકે આવેલા ખોડીયાર માતાના વાસની સામે આવેલા તળાવના કિનારે ખરાબામાંથી પાંચ પીપમાંથી દેશી દારૂ ગાળવાનો ૧ હજાર લીટરનો વોશ ઝડપાયો હતો. જો કે દારૂ ગાળવાની પ્રવૃતિ કરતી મહિલા સજનબેન લલાજી ઠાકોર (રહે. ખોડીયાર માતાનો વાસ) નાસી છુટી હતી. પોલીસે પકડાયેલા વોશમાંથી સેમ્પલ લઈને બાકીનો વોશનો નાશ કર્યો હતો. બીજી તરફ પાલજ ગામે રહેતા હંસાબેન મનુભાઈ દેવીપુજક અને રેશમબેન ચંપાભાઈ દેવીપુજક તેમજ લસીબેન ચંદુજી ઠાકોર દેશી દારૂ વેચતા હોવાની પ્રવૃતિ કરતા હોવાની બાતમીને પગલે પોલીસે રેઈડ કરતા ત્રણેય સ્થળ પરથી ૧૦-૧૦ લીટર દેશી દારુ મળી આવ્યો હતો. તો બીજી તરફ પેથાપુર ગામે ખાટલીવાસમાં રહેતા કેશાભાઈ કરશનજી બજાણીયાના ઘર પાસેથી ૪ લીટર દેશી દારૂ ઝડપાયો છે. પોલીસે તમામ સામે પ્રોહિબિશનનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આજે સે-૨ સ્વામિનારાયણ મંદિર ખાતે યોગ શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરના સેકટર-૨ સ્થિત સ્વામિનારાયણ મંદિર ખાતે તા. ૯ જુલાઈને મંગળવારના રોજ સાંજના ૫ થી ૬ કલાક દરમિયાન યોગ શિબિર યોજાશે. આ યોગ શિબિરનું આયોજન વી કેર ફાઉન્ડેશનના સહયોગથી કરવામાં આવ્યું છે તો આ યોગ શિબિરનો લાભ લેવા સૌ નગરજનોને મંદિર પરીવાર દ્વારા હાર્દિક અનુરોધ કરાયો છે.

મેગી રોકર્સના દાંડીયા અને ગરબા કલાસીસનો શુભારંભ

ગાંધીનગર, તા.૮

મેગી રોકર્સ અને ડાન્સ કુ. એમના વેસ્ટર્ન ડાન્સ અને હીપહોપના કારણે ભારતમાં આગવું નામ ધરાવે છે.નવરાત્રી નજીક હોવાથી ગાંધીનગરના યુવક યુવતીઓની માંગણીને ધ્યાનમાં રાખીને તેમણે રવિવારે દાંડીયા અને ગરબા કલાસનો શુભારંભ કર્યો છે.

ન્યૂ ગાંધીનગરમાં રાધે સ્કેવર ખાતે બસ્સો ચાહકોની વચ્ચે મા અંબાની આરતી ઉતારી ગરબા કલાસ શરુ કરવામાં આવ્યા. આ પ્રસંગે યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિના જોઈન્ટ સેક્રેટરી ભાવેશ એરડા અને ગાંધીનગર સાહિત્ય સભાના ઉપાધ્યક્ષ સંજય થોરાતે આરતી ઉતારીને શુભારંભ કરાવ્યો.

મેગી રોકર્સના સંચાલક અભિરાજસિંહ ઝાલા ઉર્ફે મેગીએ આરતી બાદ તરત જ બધા સાથે સતત બે કલાક ગરબા રમીને ગરબા કલાસીસ શરુ કરાવ્યા હતા. આ પ્રસંગે અનેક ખેલૈયાઓ ઉત્સાહભેર જોડાયા હતા.

મેવા ગાંધીનગર દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન

ગાંધીનગર, તા.૮

મુસ્લિમ એજયુકેશન એન્ડ વેલ્ફેર એસોસિએશન દ્વારા ધો-૧૦ અને ૧૨ની પરીક્ષામાં ઉચ્ચ ગુણ મેળવનાર તેમજ ઉચ્ચ અભ્યાસક્રમની તમામ ડીગ્રી અને માસ્ટર ડીગ્રીમાં સફળ થયેલા ગુડા તેમજ ગાંધીનગરના વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવશે.

વિદ્યાર્થીઓએ સ્વયં પ્રમાણિત કરેલ માર્કશીટની નીચેના ભાગે પુરું સરનામું તેમજ સંપર્ક નંબર લખી એક ફોટોગ્રાફ સાથે માર્કશીટ આઈ.એન. સૈયદ પ્લોટ નં. ૪૭૯/૨, સે-૨૯, એમ.એ. સાબુવાલા પ્લોટ નં. ૭૬૧/૧, સેકટર-૭-બી તથા કોઈ પણ કારોબારીના ઘરે તા. ૨૦મી ઓગસ્ટ સુધીમાં પહોંચાડવા ઉપપ્રમુખ એમ.યુ. કાગદી દ્વારા જણાવાયું છે.

આઈઆઈટીની 'નીવ' થકી ગ્રામીણ યુવાનો-મહિલાઓનું સ્કીલ ડેવલોપમેન્ટ

ગાંધીનગરના પાલજ ખાતેની ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી ખાતે સ્કીલ ડેવલપમેન્ટ કોર્સીસ થકી ચલાવાતા કાર્યક્રમ 'નીવ' અંતર્ગત અંદાજે ૧૦૦ જેટલા ગ્રામીણ યુવાનો અને મહિલાઓનું સ્વરોજગાર માટે સશકિતકરણ કરવામાં આવ્યું હતું. 'નીવ' કાર્યક્રમના સમાપને યોજવામાં આવેલા પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમમાં ગ્રામીણ વિકાસ વિભાગના સચિવ તથા કમિશનર મોના ખંધાર તથા દેસાઈ ફાઉન્ડેશનના ડાયરેકટર મિત્તલ ગોહિલ ઉપસ્થિત રહ્યા હતા. 'નીવ' કાર્યક્રમ અંતર્ગત ગ્રામીણ યુવાનો-મહિલાઓને કોમ્પ્યુટર કોર્સ, સીએનસી મશીનીંગ, સ્પોકન ઈંગ્લીશ કોર્સ તથા હાર્ડવેર અને નેટવર્કીંગ તથા સિવણ જેવા કોર્સીસ કરાવવામાં આવ્યા હતા.